# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/04/2026** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપે ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી. આમ આદમી પાર્ટીએ નવમી યાદી જાહેર કરી જ્યારે કોંગ્રેસે અગાઉ જાહેર કર્યા છે ઉમેદવારોના નામ.**
2. **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજ્ય ચૂંટણીપંચે 34 ચૂંટણી નિરીક્ષકની નિમણૂક કરી.**
3. **રાજ્ય પોલીસ વડાએ 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ'ની સમીક્ષા બેઠક યોજીને સાયબર ગુનાઓ સામેની લડતમાં પ્રોએક્ટિવ અભિગમ પર ભાર મૂક્યો**
4. **કચ્છના પ્રસિધ્ધ હાજીપીર ઉર્ષ માટે તંત્ર દ્વારા સલામતીની ચુસ્ત વ્યવસ્થા. શંકાસ્પદ વસ્તુઓ લઇ જવા પર પ્રતિબંધ.**
5. **રાજ્યમાં આજથી ગરમીનો પ્રકોપ વધવાની આગાહી.**
6. **IPL ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 3 વિકેટથી હરાવ્યું.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# UMEDVAR YADI

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય પક્ષોમાં ભારે ધમધમાટ ચાલી રહ્યો છે. કોંગ્રેસ અને 'આપ' દ્વારા ઉમેદવારોની નવ યાદીઓને જાહેર કરી દેવામાં આવી છે. જ્યારે કોંગ્રેસ દ્વારા પણ પાંચ જેટલી યાદીઓ જાહેર કરીને અડધા જેટલા ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર ખાતે છેલ્લા ત્રણ દિવસથી ભાજપની સંકલન કમિટી તેમજ ચૂંટણી સમિતિઓની બેઠકના દોર ચાલી રહ્યા છે. આ દરમિયાનમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને મળેલી ચૂંટણી સમિતિની બેઠક બાદ ગઇકાલે ભાજપ દ્વારા પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે.

નડિયાદ, સુરેન્દ્રનગર મહાનગરપાલિકા તેમજ વડોદરા, દાહોદ, અરવલ્લી અને વાવ-થરાદ, છોટાઉદેપુર જિલ્લાની જિલ્લા તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ માટેના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. ઉમેદવારી પત્ર ભરવાની આવતીકાલે એટલે કે 11 એપ્રિલ છેલ્લી તારીખ છે.

# ELECTION CAMPION

ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વધુ મતદાન થાય તે હેતુથી કચ્છ જિલ્લામાં વિશેષ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું. જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલના અધ્યક્ષ સ્થાને ભુજ ખાતે 'મતદાન જાગૃતિ રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આર.ડી. વરસાણી વિદ્યાલયના ૩૫૦ જેટલા બાળકો તેમજ શાળાના શિક્ષકોએ ભાગ લઈ "મતદાન અવશ્ય કરીએ", "મતદાન

મારો જન્મસિદ્ધ અધિકાર", "મારો મત નિર્ણાયક મત" અને "મારો મત મારી ઓળખાણ" જેવા નારાઓ લગાવીને નાગરિકોને મતદાન કરવા માટે અપીલ કરી હતી.

બીજી તરફ સુરત જિલ્લામાં મતદાતા જાગૃતિ અભિયાન હેઠળ તમામ શાળાઓમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રંગોળીઓમાં મતદાન જાગૃતિ, "મતદાન કરવું એ ફરજ છે", "જાગૃત મતદાર - મજબૂત લોકશાહી" જેવા સંદેશાઓથી લોકોને જાગૃત કરાયા હતા.

અમદાવાદમાં 'સ્વેપ' અભિયાનમાં 1900 શાળાઓના દોઢ લાખ વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમા વિદ્યાર્થીઓએ ચિત્ર અને નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ‘શિક્ષિત મતદાતા, સચેત મતદાતા’ અને ‘મારો મત, મારી તાકાત’ જેવા સૂત્રો સાથે વિદ્યાર્થીઓએ પોસ્ટર રેલી યોજી ચૂંટણીમાં મતદાનમાં સૌને સહભાગી થવા અપીલ કરી હતી.

## DANG – ELECTION TRAINING

ડાંગ જિલ્લામાં 48 બેઠકો માટે સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેને લઈને 500 જેટલા અધિકારીઓ માટે ડાંગ જિલ્લા પ્રશાસન દ્વારા બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યુ છે. જેને લઈને મામલતદાર રજનીશ વૈષ્ણવે વધુ માહિતી આપી હતી.

**BYTE- RAJNEESH VAISHNAV, MAMLATDAR DANG**

# ELECTION OBSERVOR

ગુજરાતમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજયમાં 34 ચૂંટણી નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યના અનુભવી અને સિનિયર એવા 34 આઇએએસ અધિકારીઓની ચૂંટણી નિરીક્ષક તરીકે નિમણૂક કરી છે, જેઓ વિવિધ મહાનગરપાલિકાઓ તેમજ જિલ્લાઓમાં યોજનારી તાલુકા અને જિલ્લા પંચાયતો તેમજ નગરપાલિકાઓની ચૂંટણી પ્રક્રિયાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરશે.

આ નિમણૂકોનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી દરમિયાન આચારસંહિતાનો ચુસ્ત અમલ કરાવવા અને કોઈપણ પ્રકારની ગેરરીતિને અટકાવવાનો છે. આ નિમણૂકોના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં મહાપાલિકા, જિલ્લા, તાલુકા પંચાયતો તેમજ ધોળકા, વિરમગામ અને બારેજા નગરપાલિકા માટે અવંતિકા સિંઘની નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે.

બીજી તરફ, સુરત જિલ્લાની ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે સિનિયર અધિકારી ડૉ. વિનોદ રાવની નિરીક્ષક તરીકે નિમણૂક કરાઇ છે. જ્યારે વડોદરા જિલ્લામાં લોચન સેહરાની નિયુક્તિ કરાઇ છે. આલોક પાંડેયને રાજકોટ જિલ્લામાં નિયુક્તિ કરાઇ છે. જ્યારે કુ. આદ્રા અગ્રવાલને ભાવનગર અને બોટાદ જિલ્લા માટે નિયુક્ત કરાયા છે. આ સહિત અન્ય જિલ્લા માટે વિવિધ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

# DAMAN SELF CENCOUS

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલે 2027ની વસ્તી ગણતરીના ભાગ રૂપે સ્વ-ગણતરી પ્રક્રિયામાં ભાગ લઇ પોતાની માહિતી નોંધાવી. પ્રશાસક દ્વારા સ્વ-ગણતરી અભિયાન શરૂ કરવામાં આવ્યું તે સામાન્ય લોકો માટે એક પ્રેરણાદાયક પગલું માનવામાં આવી રહ્યું છે. આનાથી વસ્તી ગણતરી વિશે જાગૃતિ વધશે અને આ મહત્વપૂર્ણ પ્રક્રિયામાં વધુ લોકો ભાગ લેશે તેની ખાતરી થશે.

ગુજરાત અને દાદરા નગર હવેલી અને દમણ દીવના ડાયરેક્ટર ઓફ સેન્સસ ઓપરેશન સુજલ મયાત્રાએ આ માહિતી આપી હતી.

**BYTE: SUJAL MAYATRA (DIRECTOR OF SENSORS OPERATIONAL)**

# DGP CONFERENCE

ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ડૉ. કે.એલ.એન રાવે ‘સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ’ની કામગીરી અંગે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં સાયબર સેન્ટરના વરિષ્ઠ અધિકારીઓ તેમજ નવી નિમણૂક પામેલા પોલીસ ઇન્સ્પેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ડીજીપી રાવે જણાવ્યું કે, સાયબર ગુનાઓ સામેની લડતમાં 'પ્રોએક્ટિવ અભિગમ' અનિવાર્ય છે.

તેમણે અધિકારીઓને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અન્ય એજન્સીઓ સાથે સંકલન સાધવા અને રિયલ-ટાઇમ માહિતી શેર કરવા સૂચના આપી હતી. આ બેઠકમાં ખાસ કરીને સાયબર ગુનાઓ ઝડપી નિવારવા સમીક્ષા કરાઈ હતી.

જેમાં સાયબર ક્રાઇમના વધતા જતા વ્યાપ અને નવી મોડસ ઓપરેન્ડી જેવી કે ડિજિટલ ફ્રોડ, ઓનલાઈન ઠગાઈ, સોશિયલ મીડિયા સંબંધિત ગુનાઓ અને નાણાકીય છેતરપિંડી અંગે ચર્ચા કરાઇ હતી. સાથો સાથ ટેકનિકલ સજ્જતા અને ઇન્વેસ્ટિગેશન અંગે પણ માર્ગદર્શન અપાયું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# HAJIPIR MELO

હાજીપીર ખાતે યોજાનાર ઉર્ષનો મેળો આવતીકાલથી શરૂ થશે. 13 એપ્રિલ સુધી યોજાનાર આ મેળામાં મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવવાના હોય ત્યારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હાજીપીર ધાર્મિક સંકુલમાં શંકાસ્પદ વસ્તુઓ લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ કેદની સજા થશે.

આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

# WEATHER

રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થશે અને મહત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાય તેવી શક્યતા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ કે દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં વરસાદને લઈને કોઈ પ્રકારની આગાહી કરવામાં આવી નથી. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકવાને કારણે અકળામણ અનુભવાશે.

**BYTE- DR. A. K. DAS IMD**

# RAPAR- BALASAR BRIDGE CLOSE

કચ્છમાં રાપર-બાલાસર વચ્ચે ખારી નદી પરના જૂના બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આગામી ૩૦ જૂન સુધી ભારે વાહન ચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. જેમાં વાહનચાલકોએ રાપર – કલ્યાણપર – સેલારી – ફતેહગઢ – મૌવાણા - બાલાસર રસ્તા પરથી અવરજવર કરવાની રહેશે.

# AMRELI EARTHQUAKE

સાવરકુંડલા તાલુકાના મિતિયાળા ગઈકાલથી ફરી એકવાર હળવા ભૂકંપનો ચાલુ થયો છે. ગઈકાલ રાતથી આજે સવાર દરમિયાન ભૂકંપના સાત આંચકા અનુભવાયા હતા ગઈકાલે પણ રાતના સમયે સાત આંચકા અનુભવાયા હતા આમ અહીં માત્ર 30 કલાકના ગાળામાં 14 વખત ધરતીકંપ આવ્યો હતો જો કે દરેક વખતે ધરતી કંપની માત્રા હળવી જોવા મળી હતી.

# IPL

IPL ક્રિકેટમાં, ગઇકાલે રમાયેલી રોમાંચક મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 3 વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઇડર્સે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 181 રન બનાવ્યા. જીત માટે 182

રનના લક્ષ્યાંકનો પીછો કરતા, લખનૌએ છેલ્લા બોલે 3 વિકેટ બાકી રહેતા જીત મેળવી.

લખનૌ સુપર જાયન્ટ્સના મુકુલ ચૌધરીને 54 રનની રમત બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. કોલકાતા તરફથી અંગક્રિશ રઘુવંશીએ 33 બોલમાં 45 રન બનાવ્યા, જ્યારે અનુકુલ રોય અને વૈભવ અરોરાએ 2-2 વિકેટ ઝડપી હતી.

આજે ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

## YOGA GOLD MEDAL

ચંડીગઢ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસિસ યોગ સ્પર્ધામાં ગુજરાતએ પાંચ મેડલ જીતી શાનદાર પ્રદર્શન કર્યું. જેમાં ભાવનગર ના ડો. જીગ્નેશ વાઘેલાએ ગોલ્ડ મેડલ જીતી ગુજરાતનું નામ રોશન કર્યું છે, તો ચેતન જોશીએ આર્ટિસટીક સોલોમાં ગોલ્ડ મેડેલ મેળવ્યો છે.

આ વિષે ગોલ્ડ મેડલિસ્ટ જીગ્નેશ વાઘેલાએ કહ્યું હતું કે, આ તનતોડ મહેનતનું પરિણામ છે.

**BYTE- JIGSHEN VAGHELA**

-----------------------------------------------